**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૦.૮ ડીગ્રી
લઘુતમ : ૨૫.૮ ડીગ્રી
ભેજ
સવારે ૮૯ ટકા ● સાંજે ૯૨ ટકા



ગાંધીનગર સચિવાલય આવેલા હેલીપેડ ખાતે ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનું હેલીકોપ્ટર લેન્ડીંગ થવાનું હતું. ત્યાંથી તેઓ ફોરેન્સિક યુનિવર્સિટીના કાર્યક્રમમાં જવાના હતા. જેથી વડાપ્રધાનની એક ઝલક જોવા કર્મચારીઓ બારીમાંથી હેલીપેડ તરફ મીટ માંડીને બેઠા હતા.

# સિવિલની એમ્બ્યુલન્સ : દશેરાના દિવસે ઘોડુ દોડ્યુ નહી..!

ગાંધીનગર, તા.૨૩

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે એક દિવસીય ગુજરાતના પ્રવાસે આવવાના હતા. તેમાં ગાંધીનગર ખાતે પણ ફોરેન્સિક યુનિવર્સિટીના પદવીદાન સમારોહમાં સાંજે ઉપસ્થિત રહેવાના હતા. આ કાર્યક્રમને પગલે ગાંધીનગર શહેરનું વહીવટી તંત્ર બે દિવસથી ખડેપગે તૈનાત હતું ત્યારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલની આઈસીયુ ઓન વ્હીલ પણ પીએમના બંદોબસ્તમાં રાખવામાં આવી હતી. પરંતુ તેમાં મીની વેન્ટીલેટર મશીન બંધ હોવાથી આજે સવારે તેને બંદોબસ્તમાંથી બહાર મોકલી દેવાઈ હતી અને તેના સ્થાને તાત્કાલીક મહેસાણાથી આઈસીયુ ઓન વ્હીલ બોલાવવાની તંત્રને ફરજ પડી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૯ ખાતે આવેલી ફોરેન્સિક યુનિવર્સિટીના પદવીદાન સમારોહમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે આવ્યા હતા. વડાપ્રધાન આવવાના હોવાથી છેલ્લા એક સપ્તાહથી તડામાર તૈયારીઓ ચાલી રહી હતી. પોલીસ તંત્ર અને વહીવટી તંત્રના અધિકારીઓ ખડેપગે હાજર જોવા મળ્યા હતા. બે દિવસથી તો સુરક્ષાને લઈને રીહર્સલ કરવામાં આવતુ હતું. જેમાં પોલીસ અને એસપીજી કમાન્ડોની ટીમની સાથે સ્થાનિક ફાયર તેમજ સિવિલ હોસ્પિટલની મેડીકલની ટીમ પણ રહેતી હતી. ત્યારે ગાંધીનગર ડોકટરોની ટીમ જે એમ્બ્યુલન્સમાં રહેતી હતી તે આઈસીયુ ઓન વ્હીલમાં મીની વેન્ટીલેટર મશીન છેલ્લા કેટલાક સમયથી બંધ હતું. આ અંગેની જાણ એક આરોગ્ય અધિકારીને થતા તેમણે આજે સવારે તાત્કાલીક ગાંધીનગર સિવિલની આઈસીયુ ઓન વ્હીલને તાત્કાલીક પીએમના બંદોબસ્તમાંથી કાઢી મુકી હતી અને તુરંત જ મહેસાણા અને હિંમતનગરથી આઈસીયુ ઓન વ્હિલ મંગાવી દેવામાં આવી હતી. ત્યારે સિવિલની આઈસીયુ ઓન વ્હીલની સ્થિતિ " દશેરાના દિવસે ઘોડુ દોડ્યુ નહી " તેવી થઈ હતી.

# ન્યુ ગાંધીનગરમાં પોસ્ટ ઓફીસ શરુ કરવા રજુઆત

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર શહેરના નિર્માણ સમયે સેકટરોમાં વસતા વસાહતીઓ માટે તંત્ર દ્વારા શિક્ષણ, આરોગ્ય, સલામતી, શોપીંગ સેન્ટર, પોસ્ટ ઓફીસ સહિતની સુવિધા ઉભી કરવામાં આવી હતી. પરંતુ હવે ગાંધીનગર શહેરનો રોકેટ ગતિએ વિકાસ થતા શહેરી વિસ્તારની બહાર બીજુ નગર નિર્માણ થયું છે. અમદાવાદ-ગાંધીનગર ટ્વીન સીટી બનવા તરફ ડગ માંડી રહ્યું છે. કુડાસણ, રાંદેસણ, રાયસણ, સરગાસણ, સહિતના વિસ્તારમાં અસંખ્ય મકાનો, દુકાનો, ફલેટર્સ, બંગ્લોઝ, રો હાઉસ ઉભા થઈ ગયા છે. આ મકાનોમાં લાખોની સંખ્યામાં નાગરીકો વસવાટ કરે છે. પરંતુ પાયાની સુવિધાઓ હજુ સુધી તંત્ર દ્વારા આ વિસ્તારમાં પ્રાપ્ત થઈ નથી.

ગાંધીનગર શહેરમાં અંદાજીત ૧૭ થી વધુ પોસ્ટ ઓફિસ આવેલી છે પરંતુ નવા ગાંધીનગરમાં એક પણ પોસ્ટ ઓફિસ ઉભી કરવામાં આવી નથી. તંત્ર આ મામલે ઉદાસીન વલણ અપનાવી રહ્યું હોય તેમ નાગરીકોને લાગી રહ્યું છે. પડતર પ્રશ્નો અંગે વારંવાર રજુઆત છતા તંત્ર દ્વારા કોઈ નિરાકરણ આવતું નથી. ન્યુ ગાંધીનગર ચ-૦ થી લઈને ઘ-૦ થી અને ખ-૦ થી આગળ જે નવું ગાંધીનગર વિકસ્યું છે તેમાં નાગરીકોની જરૂરીયાત અને પોસ્ટને લગતી સેવાઓને ધ્યાને રાખીને પોસ્ટ વિભાગ દ્વારા નવી પોસ્ટ ઓફિસ ઉભી કરવામાં આવે તેવી નાગરીકોમાં પ્રબળ માંગ ઉઠવા પામી છે. શહેરની પોસ્ટ ઓફિસો પણ ડીજીટલ બની જવા પામી છે. નાગરીકોના મોટાભાગના કામ પોસ્ટ ઓફિસ દ્વારા પુર્ણ થઈ જાય છે. ત્યારે નવા વિકાસ પામી રહેલા શહેરમાં નાગરીકોની માંગણીને ધ્યાને રાખીને પોસ્ટ ઓફિસ શરુ કરવામાં આવે તો ન્યુ ગાંધીનગરાઓને લાભ મળી શકે છે. ત્યારે પોસ્ટ તંત્ર દ્વારા આ દિશામાં વિચારી યોગ્ય નિર્ણય લેવામાં આવે તેની રાહ નાગરીકો જોઈ રહ્યા છે.

## @ગાંધીનગર

● સમસ્ત બ્રહ્મસમાજ સે-૨૩ ગાંધીનગર દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે શિવ મહિમ્ન પાઠ અને સ્તુતિ વંદના રાત્રે ૯ થી ૧૦ કલાક દરમિયાન ભાનુભાઈ શાંતિલાલ ભટ્ટ પ્લોટ નં. ૬૬૫/૧, પંચવટી પાર્ક ખાતે યોજાશે.

● શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી સે-૨૧ ખાતે શ્રાવણ સુદ-૧૩ બગીચાના હિંડોળના દર્શન સાંજે ૬.૩૦ થી ૭.૧૫ કલાક સુધી યોજાશે.

● શ્રી સ્વામિનારાયણ મંદિર સે-૨૩ ખાતે એલચી-લવિંગના કલાત્મક હિંડોળામાં ઠાકોરજીને સાંજે ૫ થી ૮.૧૫ કલાક દરમિયાન ઝુલાવવામાં આવશે.

● જૂના સદાબહાર હિન્દી ગીતોનો કાર્યક્રમ રાત્રે ૮ કલાકે ડૉ. બાબાસાહેબ આંબેડકર સે-૧૨ ખાતે યોજાશે. હોલમાં પ્રવેશ વિના મુલ્યે રાખેલ છે.

# પેન્શનર્સ સમાજ દ્વારા સે-૧ના તેજસ્વી તારલાઓનું સન્માન કરાશે

ગાંધીનગર, તા.૨૩

પેન્શનર્સ સમાજ સેકટર-૧ ગાંધીનગર તથા ઉત્સવ સમિતિના સહયોગથી નવરાત્રી મહોત્સવ દરમિયાન સેકટર-૧ ના તેજસ્વી તારલાઓને સન્માનિત કરવાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે.

સેકટર-૧ માં વસવાટ કરતા વસાહતી ભાઈ બહેનોએ પોતાના બાળકો, પૌત્ર-પૌત્રી, દોહિત્ર-દોહિત્રી કે જેમણે ધો-૧૦ તેમજ ધો-૧૨માં ૭૫ ટકા કે તેથી વધુ ગુણ મેળવેલા હોય તેવા વિદ્યાર્થીઓની માર્કશીટની ઝેરોક્ષ નકલ પર પોતાનુ નામ સરનામું, ટેલીફોન-મોબાઈલ નંબર, બાળક સાથેનું સગપણ સહિતની વિગતો સાથે પ્રમાણિત નકલ સંસ્થાના એસ.ડી.આર.મલીક પ્લોટ નં.૨૫૧ સે-૧ સી, ફોન-૨૩૨ ૩૨૭૭૭, અશોકભાઈ શાહ ફોન. ૨૩૨ ૩૭૩૩૩, જે.એલ.શાહ ૯૪૨૬૭ ૦૯૭૩૬ પ્લોટ નં ૨૪૮/૧ ખાતે તા. ૧૫-૯-૧૮ સુધીમાં પહોંચાડવાની રહેશે. બાળકોને પ્રોત્સાહિત ઈનામ નારણભાઈ પટેલ અને મહેન્દ્રભાઈ ત્રિવેદીની ઉપસ્થિતિમાં સે-૧ ના વડીલ પેન્શનર ઈશ્વરભાઈ પટેલના હસ્તે આપવામાં આવશે.

# નિસર્ગ ખાતે નેશનલ રૂરલ આઈટી કવીઝની જિલ્લા કક્ષાની સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૨૩

ટાટા કન્સલટન્સી સર્વિસ (ટીસીએસ) દ્વારા સમગ્ર ભારતમાં દર વર્ષે ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ પણ આઈટી અને કમ્પ્યુટર ફિલ્ડથી જાણકાર થાય તેમજ ટેકનોલોજીનો ઉપયોગ કરતા શીખે તે હેતુથી દરેક જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારની માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ માટે રૂરલ આઈ.ટી. કવીઝની સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે. ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી દ્વારા આયોજીત આ સ્પર્ધા ગાંધીનગર જિલ્લામાં નિસર્ગ સાયન્સ સેન્ચર દ્વારા તા. ૨૩-૮-૨૦૧૮ના રોજ સવારે ૯ કલાકે સે-૨૩ ખાતે યોજાઈ હતી.

આ સ્પર્ધામાં મુખ્ય મહેમાનપદે નિસર્ગ સાયન્સના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. અનિલભાઈ પટેલ, નિવૃત્ત વિજ્ઞાન શિક્ષક ચંદુભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા





હતા. અનિલભાઈએ વિદ્યાર્થીઓને આપણા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ડિઝીટલ ઈન્ડિયા મિશન વિશે સમજ આપી હતી તેમજ વિદ્યાર્થીઓ વધુને વધુ ટેકનોલોજી પ્રત્યે જાગૃત બને તે માટે સમજ આપી હતી. આ કવીઝ સ્પર્ધામાં જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની ૨૦ માધ્યમિક શાળાઓના ૧૨૦ વિદ્યાર્થીઓ અને ૨૫ જેટલા શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

આ કવીઝ સ્પર્ધામાં પ્રથમ એલીમીનેશન ટેસ્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. વિજેતા દસ ટીમો રાજયકક્ષાની રૂરલ આઈટી કવીઝ સ્પર્ધામાં ભાગ લશે. આ સ્પર્ધા તા. ૬-૯-૨૦૧૮ના રોજ એલડીઆરપી એન્જીનીયરીંગ કોલેજ સે-૧૫ ખાતે યોજાશે.

જેમાં વિજેતા દસ ટીમોમાં પ્રથમ ચૈતન્ય સ્કુલ લેકાવાડાના વિશ્વરાજ જાડેજા અને અભિનવ તેજા, બીજા ક્રમે ચૈતન્ય સ્કુલ લેકાવાડાના ધ્રુવ જૈન અને ગૌરવ શેખાવત, ત્રીજા ક્રમે અંબા સ્કુલ ફોર એકસલન્સ અડાલજના ઓમ સોરઠીયા અને જૈનેષ શાહ, ચોથા ક્રમે શ્રી એમ.બી. પટેલ હાઈસ્કુલ, વાવોલના ઠાકોર રાજુ અને નાડિયા તુષાર, પાંચમા ક્રમે ચૈતન્ય સ્કુલ લેકાવાડાના સમય જૈન અને ઉજજવલા પીલ્લે, છઠ્ઠા ક્રમે મધુરી મનસુખલાલ વસા હાઈસ્કૂલ કોબાના પટેલ વિશ્વ અને ગુર્જર માર્ગી, સાતમા ક્રમે શેઠ એસ.એમ.એસ. હાઈસ્કુલ સરઢવના પટેલ આયુષ્ય અને પટેલ અભિ, આઠમા ક્રમે અંબા સ્કુલ ફોર એકસલન્સ અડાલજના સોલંકી મનદિપસિંહ અને યુગ પટેલ, નવમા ક્રમે શેઠ એસ.એમ.એસ. હાઈસ્કૂલ, સરઢવના સોલંકી જીનેશ અને સુક્ષાર અક્ષય તથા દસમા ક્રમે કે.આર. વકીલ વિદ્યાલય કનીપુર દહેગામના પટેલ આર્યન અને રાઠોડ નિલેશ વિજેતા રહ્યા હતા.

# ટેન્કરના ટાયર નીચે માથુ આવી જતા ૧૯ વર્ષીય યુવતીનું મૃત્યુ

## લીંબડીયા રોડ પરથી યુવતી તેના મિત્ર સાથે બાઈક પર જઈ રહી હતી ત્યારે સર્જાયો અકસ્માત

ગાંધીનગર, તા.૨૩

અમદાવાદની કોલેજિયન યુવતી તેના એક મિત્ર સાથે બાઈક પર ગાંધીનગર નજીક આવેલા લીંબડીયા ગામના પંચેશ્વર મંદિર દર્શન કરવા આવી હતી અને ત્યાંથી બંને બાઈક પર પરત જઈ રહ્યા હતા ત્યારે લીંબડીયા કેનાલ નજીક વિમલ પ્રેસ્ટિજ સામે તેમને અકસ્માત નડયો હતો. હાઈવે પર જતા એચપી કંપનીના કોઈ ટેન્કરને ઓવરટેક કરવા જતાં અચાનક બાઈક પાછળ બેસેલી યુવતી બાઈક પરથી પડીને ટેન્કરના ટાયર નીચે આવી ગઈ હતી. ટેન્કરના ટાયર નીચે માથુ છુંદાઈ જતા યુવતીનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યુ મૃત્યુ નીપજ્યું હતું. તો બીજી તરફ આશ્ચર્યજનક આ અકસ્માતમાં બાઈક ચાલક યુવાન મિત્ર તથા બાઈક બંને સલામત હોવાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત વિગત અનુસાર અમદાવાદના ઓઢવ વિસ્તારમાં આવેલા મનમોહન ચાર રસ્તા પાસે પૂજા બંગ્લોઝમાં રહેતી ૧૯ વર્ષીય કોલેજીયન યુવતી આસ્થા અશ્વિનભાઈ પટેલ આજે બપોરે નરોડા માનસી એપાર્ટમેન્ટમાં રહેતા બાવીસ વર્ષે તેના મિત્ર શુભમ યોગેશભાઈ જોશી સાથે બાઈક પાછળ બેસીને લીંબડીયા ખાતે પંચેશ્વર મહાદેવ મંદિરે દર્શન કરવા આવી હતી. મંદિર દર્શન કરીને બંને મિત્રો બાઈક નંબર જીજે ૧ ઈવી ૯૩૫૫ લઈને પરત ઘર તરફ જવા નીકળ્યા હતા. બપોરે દોઢેક વાગ્યાના અરસામાં બાઈક પર પરત ફરતી વખતે લીંબડીયા કેનાલ પાસે વિમલ પ્રેસ્ટિજ સામે તેમને અકસ્માત નડયો હતો જેમાં બાઈક પાછળ બેઠેલી યુવતી આસ્થાનુ કરૂણ મૃત્યુ નીપજ્યું હતું. લીંબડીયા પુલ પાસે વિમલ પ્રેસ્ટિજ સામે બંને બાઈક પર પસાર થઈ રહ્યા હતા ત્યારે આગળ જતી એક એચપી કંપનીની ગેસ ટેન્કરને ઓવરટેક કરવા જતા અચાનક કોઈ રીતે બાઈક પાછળ બેઠેલી આસ્થા ચાલુ વાહને જ ટેન્કર સાથે ભીડાઈ ગઈ અને ઊછળીને ટેન્કરના ટાયર નીચે આવી ગઈ હતી. આસ્થાનું માથું ટાયર નીચે આવી જતા છુંદાઈ ગયું હતું અને સ્થળ પર જ કરૂણ મૃત્યુ નીપજ્યું હતું. તો બીજી તરફ સદનસીબે બાઈકચાલક યુવાનનો આબાદ બચાવ થયો હતો. ઘટના અંગે ડભોડા પોલીસને જાણ થતા જમાદાર વિપુલભાઈ સ્થળ પર પહોંચી ગયા હતા અને યુવતીનો મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી તેના પરિવારજનોને જાણ કરીને અજાણ્યા ફરાર થઈ ગયેલા ટેન્કર ચાલક સામે ગુનો દાખલ કરી તેની તપાસ શરૂ કરી છે.

# ચિલોડા - ગાંધીનગર માર્ગ પર ખાનગી વાહનચાલકો મુસાફરો બેસાડવા અંગે બાખડયા

ચિલોડા, તા.૨૩

ચિલોડા સર્કલના જાહેરમાર્ગો પર ખાનગી વાહનચાલકો વચ્ચે મુસાફરો બેસાડવા અને ભરવાના નંબર બાબતે હુંસાતુંસી બાદ ઘર્ષણના બનાવો થતા રહે છે. આવા એક બનાવમાં ચિલોડા સર્કલ પાસે ગાંધીનગર રોડ નજીક પેસેન્જર બેસાડવા બાબતે બોલાચાલી બાદ ઈકો વાહનના ચાલક પર બોલરો ગાડીના ચાલકે ધોકા વડે હુમલો કરતા મામલો વધુ ઘર્ષણરૂપે બિચકયો હતો ત્યારે મોટા ચિલોડાના પટેલવાસ ખાતે રહેતા મેહુલ કિર્તીભાઈ જયસ્વાલ પોતાની ઈકો ગાડી નં. જીજે૧૮-એ-ઝેડ ૪૩૧૫માં મુસાફરો ભરીને ચિલોડાથી ગોતાની હેરાફેરી કરે છે ત્યારે સવારે ચિલોડા સર્કલ પાસે મુસાફર ભરી રહ્યા હતા ત્યારે બોલેરોનો ચાલક વિજય રાવળ (રહે. પાલજ) પેસેન્જર કેમ બેસાડે છે તેમ કહી બોલાચાલી કરી હતી ત્યારે મેહુલકુમારે કહ્યું કે મારો નંબર ચાલે છે તેમ કહેતા બોલરોના ચાલક વિજય રાવળે ઉશ્કેરાઈ લાકડાના ધોકા વડે હુમલો કરતાં ફરિયાદીને માથા અને નાકના ભાગે ઈજાઓ પહોંચતા નીચે પડી જતા બાદમાં ગડદા પાટુનો માર મારી જાનથી મારી નાંખવા ધમકી આપી હતી. આ બનાવ જોઈ સ્થળ પર વાહનચાલકો દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્તને બચાવવા ગાંધીનગર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ મુદ્દે મેહુલકુમાર જયસ્વાલે ફરિયાદ નોંધાવતા વિજય રાવળ સામે ગુન્હો નોંધી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# ડાલામાં પશુઓ ભરીને જતા શખ્સની ધુલાઈ કરનાર ત્રણેયની ધરપકડ

ગાંધીનગર, તા. ૨૩

અમદાવાદના ઘાટલોડિયા વિસ્તારમાં રહેતા આનંદ ભાથીભાઈ રબારીએ ગઈ સાંજે અડાલજ નજીક વૈષ્ણોદેવી મંદિર પાછળ ખોરજ ગામની સીમમાંથી ગેરકાયદે પીકઅપ ડાલામા છ પશુઓને ભરીને લઈ જઈ રહેલા કડી તાલુકાના આલમપુર ગામના શખ્સ શેખ ફકીર મહમદ અકબર મિયા સામે પશુઓને દોરડાથી બાંધી ઘાસચારો કે પાણીની વ્યવસ્થા નહીં કરી ગુનો કર્યા મામલે ફરિયાદ નોંધાવી હતી. તો બીજી તરફ આ ગુનાના આરોપી અને ઈજાગ્રસ્ત શેખ ફકીર મહમદ અકબર મિયાએ ઘાટલોડિયાના શખ્સ આનંદ ભાથીભાઈ રબારી તથા તેના અન્ય બે સાગરીતો સામે પણ ગુનો દાખલ કરાવ્યો હતો. ફકીર મહમદ અકબર મિયાની ફરિયાદ મુજબ આનંદ અને તેના બે સાગરીતો લાભુ તેજા રબારી અને વાઘુ બાબર રબારીએ મળીને તેઓ ડાલામાં પશુઓ લઈ જઈ રહ્યા હતા ત્યારે ઉભા રખાવી ગડદાપાટુનો માર મારીને લાકડીથી ફટકારી બંને પગે ફ્રેક્ચર કરી નાખ્યા હતા. આ મામલે ત્રણે યુવાનો સામે અડાલજ પોલીસે ક્રોસ ફરિયાદ લઈ આઈપીસી કલમ ૩૨૫ મુજબ ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી હતી. દરમિયાન ગઈકાલે ત્રણેય આરોપીઓની ધરપકડ કરી આરોપીઓને જેલ હવાલે કરી દેવામાં આવ્યા છે.

# વિશિષ્ટ બાળકોના હાથે હીનાનું 'હેત' બંધન...!!!

## હેડ ફાઉન્ડેશનના માનસિક વિશિષ્ટ બાળકોને ગાંધીનગરની આંતરરાષ્ટ્રીય એથ્લેટ ખેલાડી હીના ત્રિવેદીએ રાખડી બાંધી

ગાંધીનગર, તા.૨૩

ભાઈ-બહેનના હેતનું પર્વ 'રક્ષાબંધન' આવી પહોંચ્યું છે અને બહેનોના ઉરમાં ભાઈના હાથે રાખડીની રેશમ બાંધવાના ઉમંગો ઉભરાઈ રહ્યા છે. ગાંધીનગરના સેકટર-૭માં માનસિક દિવ્યાંગ બાળકોને શહેરની

### હીના ત્રિવેદીએ સ્પેનમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું

હીના ત્રિવેદીને ૨૫ વર્ષથી સેરેબ્રલ પાલ્સી નામની બિમારી હતી જે દરમિયાન તેની માતાએ સતત ફિઝિયોથેરેપી કસરત કરાવી તેને દોડતી કરી દીધી હતી એટલું જ નહી પરંતુ હીનાએ સ્પેન ખાતે તાજેતરમાં જ તા. ૬ થી ૧૨ ઓગસ્ટ દરમિયાન યોજાયેલ સેરેબ્રલ પાલ્સી વર્લ્ડ ગેમ્સમાં ૧૦૦ મીટર દોડ તથા શોટપુટની રમતમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે હીનાને નોર્મલ સેરેબ્રલ પાલ્સી છે જે માનસિક-દિવ્યાંગની કેટેગરીમાં આવતો નથી.



વિશિષ્ટ એથ્લટ, ખેલાડી હીના ત્રિવેદીએ રાખડી બાંધી તેમના ઉજજવળ ભવિષ્યની કામના કરી હતી.

સેકટર-૭ ખાતે વિશિષ્ટ બાળકોને વોકેશનલ તાલીમના વર્ગો હેત ફાઉન્ડેશન દ્વારા ચલાવાય છે. આ વર્ગોમાં સંચાલિકા મીરા ગઢવી સહિત ખાસ શિક્ષકો દ્વારા માનસિક વિશિષ્ટ બાળકોને વિવિધ વ્યવસાયલક્ષી તાલીમ આપવામાં આવે છે જેથી તેઓમાં રહેલા કૌશલ્યને વિકસવાનો અવકાશ મળે અને તેઓ આર્થિક ઉપાર્જન પણ કરી શકે. આ તાલીમ વર્ગોમાં વિશિષ્ટ બાળકો સાથે ભારતીય સંસ્કૃતિના વિવિધ તહેવારોની ઉજવણી પણ કરવામાં આવે છે. આગામી રવિવારે આવી રહેલા ભાઈ-બહેનના હેતના પર્વ રક્ષાબંધનને અનુલક્ષીને આજે ઉજવણી કરવામાં આવી હતી જે અંતર્ગત ગાંધીનગરની દિકરી અને આંતરરાષ્ટ્રીય સ્તરે સરેબ્રલ પાલ્સી વર્લ્ડ ગેમ્સ ૨૦૧૮માં સ્પેન ખાતે ભાગ લઈ ચુકેલી એથ્લેટ ખેલાડી હીના દિલીપભાઈ ત્રિવેદીએ હેત ફાઉન્ડેશનના તમામ વિશિષ્ટ બાળકોને રાખડી બાંધી હતી. તાલીમ વર્ગોમાં રક્ષાબંધન ઉજવાતા તમામ બાળકો આનંદિત થઈ ઉઠયા હતા.

# સાળાને એરપોર્ટ પર રિસીવ કરવા જતા બનેવીની કાર સળગી ઉઠી

## બેંગકોકથી આવી રહેલા સાળાને રિસીવ કરવા મહેસાણાથી ડસ્ટર લઈને બનેવી એરપોર્ટ જઈ રહ્યા હતા ત્યારે સવારે કોબા નજીક બનેલી ઘટના

ગાંધીનગર, તા.૨૩

બેંગકોકથી પરત આવી રહેલા સાળાને અમદાવાદ એરપોર્ટ પર રિસીવ કરવા આજે વહેલી સવારે મહેસાણાથી તેમના બનેવી પોતાની ડસ્ટર કાર લઈને જઈ રહ્યા હતા. કોબા સર્કલ નજીક તેમની કાર પહોંચી ત્યારે અચાનક એન્જિન તરફથી ધુમાડા નીકળવા લાગતા તેમણે કાર રોકી દીધી હતી અને કારમાંથી ઉતરી ગયા હતા. અચાનક કારમાંથી આગ ભભૂકી ઉઠી હતી અને ફાયર બ્રિગેડને બોલાવી લેવામાં આવી હતી. ફાયર બ્રિગેડની ટીમે પાણીનો મારો ચલાવી આગ ઓલવી નાખી હતી પરંતુ ત્યાં સુધીમાં કાર ભસ્મીભૂત થઈ ગઈ હતી. એરપોર્ટ પર પહોંચેલા સાળાને રિસીવ કરવા જતા રસ્તામાં બનેવીની કાર સળગી ઊઠતાં બનેવી એરપોર્ટ પહોંચી શક્યા ન હતા.

મળતી માહિતી મુજબ મહેસાણામાં રહેતા કૃપાલભાઈ સોમાભાઈ પટેલ આજે વહેલી સવારે ચારેક વાગ્યાના અરસામાં મહેસાણાથી ગાંધીનગર થઈને એરપોર્ટ તરફ જવા નીકળ્યા હતા. પોતાની ડસ્ટર કાર નંબર જીજે ૨ બીપી ૫૫૬૭ લઈને કૃપાલભાઈ એરપોર્ટ પર પોતાના સાળાને રિસીવ કરવા જઈ રહ્યા હતા. તેમના સાળા ધર્મેશભાઈ પટેલ બેંગકોકથી આજે સવારે ફ્લાઈટમાં અમદાવાદ એરપોર્ટ ઉતરવાના હતા. તેમને રિસીવ કરવા જવાનુ હોવાથી બનેવી કૃપાલભાઈ પોતાની ડસ્ટર ગાડી લઈને મહેસાણાથી અમદાવાદ એરપોર્ટ વાયા ગાંધીનગર જઈ રહ્યા હતા. તે દરમિયાન છ વાગ્યાના અરસામાં તેઓ કોબા સર્કલ નજીક પહોંચ્યા ત્યારે અચાનક તેમની ડસ્ટર કારના એન્જિન તરફના ભાગે બોનેટ માંથી ધુમાડા નીકળવા લાગતા તેમણે સમયસૂચકતા દાખવી કારને બ્રેક મારી દીધી હતી અને સાઈડમાં કાર દબાવી દઈ કારમાંથી ઉતરી ગયા હતા. જેવા કારમાંથી તેઓ નીચે ઉતર્યા તેવા થોડી ક્ષણોમાં તેમની કાર આગમાં લપેટાવા લાગી હતી. તાત્કાલિક ગાંધીનગર ફાયર બ્રિગેડને ઘટનાની જાણ કરી બોલાવી લેવામાં આવતા ફાયર ઓફિસર મહેશ મોડની ટીમ સ્થળ પર પહોંચી ગઈ હતી અને પાણીનો મારો ચલાવી કારને લાગેલી આગ પર કાબુ મેળવ્યો હતો. જોકે ત્યાં સુધીમાં કાર બળીને ખાખ થઈ ગઈ હતી. કારમાં આગ લાગતાં અધવચ્ચે રહી ગયેલા બનેવી પણ પોતાના સાળાને લેવા એરપોર્ટ જઈ શક્યા ન હતા. આ ઘટના અંગે ઈન્ફોસિટી પોલીસ મથકમાં જાણવાજોગ નોંધાતા પોલીસે પણ ઘટનાની નોંધ કરી વધુ તપાસ શરૂ કરી છે.

## ચિરવિદાય

- સ્વ. ચંદ્રસિંહ પ્રતાપસિંહ ગોરખા, ઉ.વ. ૬૩
- સ્વ. વાઘેલા પ્રતાપજી જવાનજી, ઉ.વ. ૬૩
- સ્વ. ઠાકોર શોભાજી વેરસિંહજી, ઉ.વ. ૬૦